# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૦૬/૦૩/૨૦૧૭ થી તા.૧૨/૦૩/૨૦૧૭

## પ્રેસનોટ

**જીરાના કટ્ટા નંગ- ૩૩૫ કિ.રૂ.૧૨,૫૦,૦૦૦/- ના ચકચારી ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી ઓરીઝનલ મુદ્દામાલ સાથે ચાર ઇસમોને ઝડપિ પાડતિ એલ.સી.બી,અમદાવાદ ગ્રામ્ય**

ગઇ તા.૨૮/૦૧/૨૦૧૭ ના રોજ નેધરાડ ખાતેની ટી.સી.આઇ. કંપની ના ટેઇલર નં. જી.જે.૦૧, બી.વાય. ૫૮૨૬ માં કન્ટેનર નંબર એસ.ઇ.જી.યુ. ૬૦૪૯૭૮૦ માં જીરાના કટ્ટા ભરી સાંણદ થી પીપાવાવ જવા ટેઇલરનો ચાલક ડ્રાઇવર રવાના થયલ જે નિર્ધારીત સ્થળે જીરૂ નહિ પંહોચાડી ભાવનગર નજીક ત્રાપજ પાસે કન્ટેનરનુ સીલ તોડી જીરાના કટ્ટા નંગ- ૩૩૫ કિ.રૂ.૧૨,૫૦,૦૦૦/- ની ચોરી કરી, ચોરી કરેલ જીરાના વજન જેટલુ વજન ધરાવતા માટી ભરેલા કટ્ટા કન્ટેનરમાં ભરી કન્ટેનર બીનવારસી છોડી દઇ ભાગી ગયેલ મતલબે ચાલક ડ્રાઇવર તથા અન્ય બે ઇસમો વિરૂધ્ધ સાંણદ પો.સ્ટે. ખાતે ગુન્હો નોધાયેલ જે ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ ઇન્ચાર્જ જીલ્લા પોલીસ વડા શ્રી, મનિદર પ્રતાપસીગ પવાર સાહેબશ્રી નાઓએ પો.ઇન્સ. શ્રી એલ.સી.બી.નાઓને ખાસ સૂચના કરેલ તેના ભાગરૂપે પોલીસ ઇન્સપેકટર શ્રી.જે.એમ. ચુડાસમા,પો.સ.ઇ.શ્રી આઇ.એમ.ઝાલા અને એલ.સી.બી. ટીમે બનાવવાળી જગ્યાની વિજીટ કરી, ગુન્હાની પધ્ધતિના અભ્યાસ આધારે સ્થાનિક ઇસમોની સંડોવણીના અનુમાન સાથે ચોક્કસ દીશામાં ધ્યાન કેન્દ્રિત કરી ગુન્હાનો ભેદ ઉકેલવા ચક્રો ગતિમાન કરેલ તેના ફળસ્વરૂપે ચોકક્સ બાતમી આધારે માધવનગર ગામ નજીક વોચ ગોઠવી ભારે જહેમતથી ચોરીમાં ગયેલ જીરાના કટા નંગ- ૨૦૦ સાથે કુલ- ૪ ઇસમોને ઝડપી પાડેલ

**રૂ.૭,૪૪,૦૦૦/- ના ઓરીઝન મુદ્દામાલ સાથે ચાર ઇસમો ઝડપાયા**

(૧) મોહસીન સ/ઓ મહોમંદખાન બીસમીલ્લાખાન ખોખર ઉ.વ ૩૨ રહે કડી કસ્બા જુની મુનસફ કોર્ટ પાસે, કડી તા.કડી જી.મહેસાણા

(૨) ઇમરાન ખાન ઉર્ફે આઇ.ડી સ/ઓ રહીમખાન દોલતખાન પઠાણ ઉ.વ ૩૨ રહે.ઇન્દીરાનગર સોસાયટી, મંડાલી તા.જી. મહેસાણા

(૩) મુસ્તાક ઉર્ફે હાંડી સ/ઓ અબ્દુલરશીદ હુશેનભાઇ મન્સુરી ઉ.વ ૩૬ રહે કડી ચબુતરા ચોક ની પાછળ મન્સુરીવાસ તા કડી જી મહેસાણા

(૪) ઇમરાનઅહેમદ ઉર્ફે પતલી સ/ઓ નુરમંહમદ મુસાભાઇ મન્સુરી ઉ.વ ૩૪ રહે. કડી તબોડી વાસ, મહાદેવ મંદિર પાસે, કડી તા.કડી જી.મહેસાણા

ઉકત ઇસમોને ટ્રક નંબર જી.જે.૧૮,યુ.૭૦૦૯ માં જીરા ના કટ્ટા નંગ- ૨૦૦ વજન ૬૦૦૦ કિ.ગ્રામ કિ.રૂ.૭,૪૪,૦૦૦/- તથા સંડોવાયેલ વાહન ટ્રક કિ.રૂ. ૫,૦૦,૦૦૦/- મળી અને મો.ફોન-૪ કિ.રૂ. ૩૦૦૦/- મળી કુલ રૂ.૧૨,૪૭,૦૦૦/- સાથે ઝડપી પૂછપરછ કરતા કોઇ સંતોષ કારક જવાબ આપેલ નહિ જેથી અટકાયત કરી આગવી ઢબે પૂછપરછમાં અન્ય સહ આરોપીઓ સાથે મળી હાલનો ગુન્હો આચરેલાની કેફીયત આપેલ

## ચોરીમાં ગયેલ જીરાના કટ્ટા નંગ- ૨૮૫ કિ.રૂ. ૧૨,૫૦,૦૦૦/- નો ઓરીઝનલ મુદ્દમાલ રીકવર

આરોપીઓની કબૂલાત આધારે બાકી રહેતા મુદ્દામાલ ના વધુ જીરાના કટ્ટા નંગ- ૮૫ કિ.રૂ.૫,૦૬,૦૦૦/- નો વધુ મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે.

## ગુન્હો કેવી રીતે આચરેલ

આરોપીઓએ પકડવાના બાકી આરોપી જમશેદ અને કન્ટેનરના ચાલક ડ્રાઇવર અશરફ અને અન્ય સહ આરોપીઓ સાથે મળી ગુન્હાને અંજામ આપવા કાવત્રુ રચેલ તેના ભાગરૂપે બનાવના અઠવાડિયા અગાઉ છત્રાલ બજારમાંથી ખાલી બારદાન ખરીદી તેમાં મંડાલી નજીક અવાવારૂ જગ્યાએથી જીરાના કટ્ટા જેટલા વજનની અંદાજે ૩૦ કિલો માટી ભરી કટ્ટા તૈયાર કરેલા અને બનાવના દિવસે લીલી ઝંડિ મળતા અગાઉથી વ્યવસ્થા કરી રાખેલ ટ્રક નં. જી.જે. ૧૮ યુ ૭૦૦૯ માં માટી ભરેલ કટ્ટા ભરી ભાવનગરથી આગળ ત્રાપજ રોડ ઉપર ભોગબનેલ કન્ટેનરમાંથી ૩૩૫ કટ્ટા જીરૂની ચોરી કરી બદલીમાં માટી ભરેલ કટ્ટા મૂકી ચોરી કરેલ અને ચોરીનો માલ વેચવા જતા પકડાઇ ન જવાય તે હેતુસર માર્કીંગવાળા જીરૂના કટ્ટા અન્ય બારદાનમાં તબદિલ કરી ગુન્હાને અંજામ આપેલ છે.













# પ્રેસનોટ

***હોળી/ધુળેટીના તહેવારની પર્વ સંધ્યા બે અલગ અલગ જગ્યાએ દરોડા પાડી રૂ. ૧,૬૨,૨૦૦/- થી વધુ કિમતના પરપ્રાંતિય દારૂ તથા બીયરનો જથ્થો ઝડપી દારૂના રસીયાઓના રંગમાં ભંગ પાડતિ એલ.સી.બી, અમદાવાદ ગ્રામ્ય***

આગામી હોળી/ધુળેટીના તહેવાર શાંતિપૂર્ણ ઉજવાય અને કોઇ અનિચ્છનિય બનાવ ન બને તેને અનુલક્ષી ઇન્ચાર્જ જીલ્લા પોલીસ વડા શ્રી, મનિન્દર પ્રતાપસીહ પવાર સાહેબશ્રી નાઓએ ખાસ એકસન પ્લાન બનાવી વ્યુહાત્મક જગ્યાએ ખાસ પોલીસ પોઇન્ટ રાખી તહેવરને અનુલક્ષી દારૂની હેરાફેરીની સંભાવના સંબધે તાબાના અધિકારીઓને ખાસ સૂચના આપેલ તેના ભાગરૂપે એલ.સીબી. પો.ઇન્સ.શ્રી જે.એમ.ચુડાસમા અને પો.સ.ઇ. શ્રી આઇ. એમ. ઝાલા અને ટીમે વાહન ચેકીગ દરમ્યાન ચોક્કસ બાતમી આધારે બે અલગ અલગ જગ્યાએ દરોડા પાડી રૂ.૧,૬૨,૨૦૦/- ની કિમતના ૧૮૦ મીલીની બોટલો નંગ- ૬૪૭, ૭૫૦ મીલીની બોટલો- ૧૦૦, તથા બીયરના ટીન નંગ- ૫૦૪ ઝડપી પાડેલ જેની વીગત નીચે મુજબ છે.

(૧)

<u>એસ.પી.રીગ રોડ, સીલજ સર્કલ ખાતે વોચ ગોઠવી ફિલ્મી ઢબે પીછો કરી આઇ-૨૦ કારને ભારતિય બનાવટના રૂ. ૬૭,૨૦૦/- ની કિમતના દારૂના જથ્થા સાથે બે ઇસમો ઝડપાયા</u>

(૧) પીન્ટુભાઇ લક્ષ્મણભાઇ બારોટ ઉ.વ ૩૬ રહે બ્લોક નં બી/૩ ભુમીપાર્ક સોસાયટી વાવોલ ગાધીનગર

(૨) રાકેશ કુમાર ઉર્ફે રોકી ભુપેન્દ્રસિંહ ઝાલા ઉ.વ ૨૯ રહે સદાતપુરા તા ઇડર જી સાબરકાઠા

ઉકત આરોપીઓ નંબર વગરની આઇ-૨૦ પરપ્રતિય દારૂના જથ્થા સાથે પસાર થતા ફિલ્મિ ઢબે પીછો કરી ગાડિમાં ભરેલ (૧) રોયલ સ્ટેગ વિહસ્કી ની પેટી નંગ- ૪,૭૫૦ મીલીની પરપ્રાંતની કુલ બોટલ નંગ ૪૮, કિ રૂપીયા ૨૪,૦૦૦/- (૨) હેવર્ડ ૫૦૦૦ સ્ટોગ બીયર ૫૦૦ મીલીના ટીનની પેટી નંગ ૧૮,ટીન નંગ ૪૩૨ કિ રૂ ૪૩,૨૦૦/- ગાડિ કિ.રૂ. ૫,૫૦,૦૦૦/- તથા મો.ફોન-૨ કી.રૂ. ૨૦૦૦/- મળી કિ.રૂ. ૬,૧૯,૨૦૦/-નો મુદ્દામાલ મળી આવેલ જે દારૂનો જથ્થો કબ્જે કરી દારૂનો જથ્થો ક્યાંથી કેવી રીતે મેળવેલ અને કોણે ડિલેવરી આપવાની હતી તથા મુખ્ય સૂત્રધાર (આકાઓ) કોણ છે તે દિશામાં તપાસ હાથ ધરી પકડાયેલ ઇસમોના રીમાન્ડ મેળવવા તજવીજ કરેલ છે.

(૨)

<u>માડલ પો.સ્ટેના જાણીતા બુટલેગર્સ ના ત્યાં રેઇડ કરી રૂ. ૯૫૦૦૦/- નો દારૂ ઝડપી પાડતિ એલ.સી.બી, અમદાવાદ ગ્રામ્ય</u>

માંડલ પો.સ્ટેના જાણીતા ગુન્હેગાર કેશીકભાઇ મૂળજીભાઇ ઠાકોરના ત્યાં ચોક્કસ બાતમી આધારે એલ.સી.બી. ટીમે રેઇડ કરી હાઇસ્પિડ વ્હિસ્કિ, રોયલ સ્ટેગ ક્લાસીક વ્હિસ્કી, રોયલ ગોલ્ડ ડીલક્ષ વ્હિસ્કિ, મેકડોલ નં.૧ વ્હિસ્કિ વિગેરે પરપ્રાંતના દારૂની ૧૮૦ મી.લી. ની બોટલો નંગ- ૬૪૭ તથા ૭૫૦ મી.લી.ની બોટલો નંગ- ૫૨ તેમજ બીયર ટીન – ૭૨ મળી કુલ રૂ. ૯૫,૬૦૦/- નો દારૂનો વિપુલ જથ્થો પકડી આરોપી પકડવા ચક્રો ગતિમાન કરેલ છે.

*આમ અમદાવાદ જીલ્લા એલ.સી.બી.ધ્વારા વીક દરમ્યાન ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.*

*(મનિન્દર પ્રતાપસિહ પવાર)*
*પોલીસ અધિક્ષક*
*અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ*